### નવી શિક્ષણ નીતિના ભાગરુપે એફવાયબીએના વિદ્યાર્થીઓને

# રામાયણના પાત્રો, આયુર્વેદ અને સનાતન સાહિત્ય જેવા વિષયો ભણવાની તક મળશે

વડોદરા,રવિવાર

એમ.એસ.યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીએ એફવાયના વિદ્યાર્થીઓ માટે નવી શિક્ષણ નીતિનો અમલ કરી દીધો છે.જેના કારણે આર્ટસના વિદ્યાર્થીઓ માટે કેટલાક નવા વિષયો અભ્યાસક્રમમાં ઉમેરાયા છે.

## સ્કિલ ડેવલપમેન્ટ અને ઈન્ડિયન નોલેજ સિસ્ટમ કેટેગરીમાં ૨૩ પેપર રખાયા, કોઈ પણ વિભાગનો વિદ્યાર્થી આ પેપર પસંદ કરી શકશે

નવી શિક્ષણ નીતિ પ્રમાણે વિદ્યાર્થીઓએ પહેલા વર્ષમાં બે મેજર, બે માઈનોર, એક મલ્ટિડિસિપ્લિનરી, એક એબિલિટી એન્હેન્સમેન્ટ, એક સ્કિલ એન્હેન્સમેન્ટ તેમજ એક ઈન્ડિયન નોલેજ સિસ્ટમના પેપર ભણવાના છે.

સ્કિલ એન્હેન્સમેન્ટ અને ઈન્ડિયન નોલેજ સિસ્ટમના ૨૩ પેપર કોર્સમાં સમાવવામાં આવ્યા છે.આ એવા પેપર છે જે કોઈ પણ વિભાગનો વિદ્યાર્થી પસંદ કરી શકશે.આ બંને કેટેગરીમાં દાખલ કરાયેલા કેટલાક પેપર એવા છે જે આર્ટસના વિદ્યાર્થીઓ પહેલી વખત ભણશે.

જેમ કે અંગ્રેજી વિભાગે સનાતન સાહિત્યનુ પેપર તૈયાર કર્યુ છે.તો આર્કિઓલોજી વિભાગ દ્વારા હેરિટેજ કલ્ચર ઓફ ગુજરાતનુ પેપર સમાવવામાં આવ્યુ છે.ગુજરાતી વિભાગે તૈયાર કરેલા રામાયણના પાત્રો ...પેપરનો પણ આ યાદીમાં સમાવેશ કરાયો છે.

હિસ્ટ્રી વિભાગ દ્વારા સ્કિલ એન્હેન્સમેન્ટ અને ઈન્ડિયન નોલેજ સિસ્ટમની કેટેગરીમાં વડોદરા -સંસ્કારી નગરી...નામનુ પેપર દાખલ કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓ ભારતીય રાજકારણના મૂલ્યો તેમજ ભારતમાં રાષ્ટ્રવાદ...વિષયના પેપરનો વિકલ્પ પણ પસંદ કરી શકશે.આ બંને પેપરનો કોર્સ પોલિટિકલ સાયન્સ વિભાગે તૈયાર કર્યો છે.સંસ્કૃત વિભાગે ફન્ડામેન્ટલ ઓફ આયુર્વેદ અને પ્રાચીન ભારતીય વિજ્ઞાન વિષય પર બે પેપરનો કોર્સ ડિઝાઈન કર્યો છે.

### અંગ્રેજી, હિન્દી, ગુજરાતી , હિસ્ટ્રી વિભાગના પેપરો તરફ ઝૂકાવ

એફવાયબીએના વિદ્યાર્થીઓને એવા વિષયો પસંદ કરવાની અને ભણવાની તક મળશે જેમાં તેમને રસ અને રુચિ હોય.વિદ્યાર્થીઓ પાસે ફેકલ્ટીએ શિક્ષણ શરુ થતા પહેલા જ સ્કિલ એન્હેન્સમેન્ટ તેમજ એક ઈન્ડિયન નોલેજ સિસ્ટમ હેઠળના વિષયો પસંદ કરાવી દીધા હતા.જે અનુસાર અંગ્રેજી ગુજરાતી, ઈકોનોમિક્સ, હિસ્ટ્રી વિભાગના પેપરો તરફ વિદ્યાર્થીઓનો વધારે ઝુકાવ જોવા મળી રહ્યો છે.આ વિભાગના પેપરો પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે.